Date :- 18-09-2024

Divya Bhaskar, Page-20, Surat

# જાપાનની ટીમ સુરતમાં, બુલેટ ટ્રેન સાથે કનેક્ટ કરવા મેટ્રો અંત્રોલી સુધી લંબાવાશે

ભાસ્કર ન્યૂઝ | બારડોલી

જાપાનના ઉપમંત્રી અને તેમની ટીમે અંત્રોલી ગામે ચાલતા બુલેટ ટ્રેન પ્રોજેક્ટની મુલાકાત લઈ કામગીરી નિહાળી હતી. પલસાણા તાલુકાના અંત્રોલી ગામે બુલેટ ટ્રેન પ્રોજેક્ટની પ્રગતિની કામગીરીનું નિરિક્ષણ કરવા માટે જમીન, માળખાકીય, પરિવહન અને પર્યટન, વિભાગ જાપાનના ઉપમંત્રી યોશિમિચી તેરાડા પોતાની ટીમ સાથે મંગળવારે



જાપાનના ઉપમંત્રીની ટીમે અંત્રોલીમાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટની મુલાકાત લીધી.

અંત્રોલી સ્ટેશનની મુલાકાત લીધી હતી. 4 પ્લેટફોર્મ અને ડાયમંડ આકારનું રેલવે સ્ટેશન, ડેપો, ટ્રેનિંગ સેન્ટરની મુલાકાત લીધી હતી. બુલેટ ટ્રેન સાથે કનેક્ટિવિટી વધારવા મેટ્રોને પણ અંત્રોલી સુધી લાવવાનો નિર્ણય લેવાયો છે. 4 સ્ટેશનમાં થીમ પર કામ ચાલે છે.